## (1) ''વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા સૂચકાંક-2020''માં નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ સૂચકાંકમાં હોંગકોંગ અને સિંગાપુર એ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવ્યો છે.

(2) આ સૂચકાંક વર્ષ 1995માં હેરીટેજ ફાઉન્ડેશન અને વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

(3) આ સૂચકાંક એડમ સ્મિથના "The Wealth of Nations" (સંપત્તિના શાસ્ત્ર)ના સિદ્ધાંતને અનુસરે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1), (2) અને (3) (D) માત્ર (1) અને (3)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ વૈશ્વિક આર્થિક સ્વતંત્રતા સૂચકાંક-2020ને 2018ના ડેટા પર આધારીત છે. જેમાં હોંગકોંગ અને સિંગાપુર એ અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવ્યો છે.

⇛ જેમાં ભારતનો ક્રમ 105મો રહયો છે જે વર્ષ 2019માં 79મા ક્રમે હતું.

⇛ આ સૂચકાંક એડમ સ્મિથના The Wealth of Nationsના સિદ્ધાંતને અનુસરે છે. જે ''વ્યકિતઓનો સ્વતંત્રતાને સુરક્ષિત રાખવામાં ચાવીરૂપ સંસ્થાઓની સ્થાપના કરવી જોઈએ.'' જેને અનુસરે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) "ડિઝિટલ પેમેન્ટ ઈન્ડેક્સ" વિશે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) ડિઝીટલ પેમેન્ટ ઈન્ડેક્સ નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ છે.

(2) આ સૂચકાંક વિવિધ ડિજિટલ ચૂકવણી મોડ્સના ઘૂંસપેઠ વિશે ચોકસાઈપૂર્વક આકારણી કરી શકશે.

(3) નંદન નિલેકણીની અધ્યક્ષતાવાળી કમિટિ દ્વારા ભલામણ કરી હતી.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2)

(C) માત્ર (2) અને (3)  (D) માત્ર (3)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **RBI** દ્વારા ડિજિટલ પેમેન્ટ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો. જે ડિજિટલ વિભાજનના અંતરને દૂર કરવામાં મદદ કરશે. સાથે સાથે ડિજિટલ ચૂકવણીના વિવિધ મોડ્સ દ્વારા ઘૂંસપેઠ વિશે ચોકસાઈ પૂર્વકની આકારણી કરશે.

⇛ નંદન નિલેકણીની અધ્યક્ષતા વાળી સમિતિ દ્વારા ડિજિટલ ચૂકવણીના વ્યાપને વધારવાની ભલામણ કરી હતી. (આથી, વિધાન (2) અને (3) સાચા છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) તાજેતરમાં વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા રાજ્યોની વચ્ચે "ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ" રેન્કિંગ જાહેર કરવામાં આવી.

(2) આ રેન્કિંગમાં ગુજરાતનો ક્રમ 05મો છે.

(3) આ રેન્કિંગમાં પ્રથમ ક્રમે ઉત્તરપ્રદેશ રાજ્ય રહ્યું છે.

(A) માત્ર (1) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) માત્ર (2)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના **Department for Promotion of Industry and Internal Trade** દ્વારા આ સૂચકાંક જાહેર કરવામાં આવ્યો. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ વધુમાં આ રેન્કિંગમાં ગુજરાત 10માં સ્થાન પર રહયું છે.

⇛ તથા પ્રથમ ક્રમે આંધ્રપ્રદેશ રાજ્ય આવેલ છે.

⇛ આ ઈન્ડેકસ 12 માપદંડો જેવા કે માહિતી, સિંગલ વિન્ડો સિસ્ટમ, મજૂર, પર્યાવરણ વગેરે જેવાં માપદંડો પર આધારિત છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) '2019ના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ રેન્કિંગ' વિશે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ રેન્કિંગનું ત્રીજું સંસ્કરણ છે.

(2) આ રેન્કિંગ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) તૈયાર કર્યું છે.

(3) આ રેન્કિંગમાં ગુજરાત શ્રેણીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજ્યમાં એકમાત્ર રાજ્ય છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (1) અને (3)

(C) માત્ર (2) અને (3) (D) માત્ર (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ કેન્દ્રિય વ્યાપાર વાણિજય અને ઉદ્યોગ મંત્રીશ્રી પિયૂષ ગોયલે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ રેન્કિંગ જાહેરનું બીજું સંસ્કરણ રજૂ કર્યું હતું.

⇛ જે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) તૈયાર કર્યું છે.

⇛ જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને બે જૂથો – X અને Yમાં વહેંચવામાં આવ્યાં છે.

⇛ દિલ્હીને બાદ કરતાં કેન્દ્રશાસિત પ્રદેશ અને આસામ સિવાય તમામ પૂર્વોત્તર રાજ્યોને કેટેગરી 'Y'માં અને બાકીના અન્ય રાજ્યોને કેટેગરી 'X'માં મૂકવામાં આવ્યા છે.

⇛ રાજ્યોને ક્રમ આપવાના ઉદ્દેશ્યો સાથે તેમને 5 કેટેગરી (શ્રેણી)માં વહેંચવામાં આવ્યાં છે.

(1) શ્રેષ્ઠ કામગીરી કરનાર રાજ્યો
(2) સારી કામગીરી કરનાર રાજ્યો
(3) ટોચના રાજ્યો
(4) આકાંક્ષી રાજ્યો
(5) સ્ટાર્ટઅપ માટે ઈકોસિસ્ટમ વિકસાવતા રાજ્યો

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) નીચેનામાંથી કયાં વિધાનો ગુજરાત સરકારે જાહેર કરેલ ખેડૂત કલ્યાણના હિતોના સંદર્ભમાં સાચાં છે ?

(1) મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત રૂ. 30,000 સુધીની સહાય.
(2) કિસાન પરિવહન યોજના અંતર્ગત ખેતપેદાશોના પરિવહન માટે નાના વાહન ખરીદવા રૂ. 50,000થી 75,000 સુધીની સહાય.
(3) દેશી ગાયના નિભાવ માટે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતને ગાયના નિભાવ માટે વાર્ષિક રૂ. 10,800ની સહાય.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ ગુજરાત સરકારે તાજેતરમાં ધરતી પુત્રોના ઉત્કર્ષ માટે “સાત પગલા ખેડૂત કલ્યાણના” નામથી યોજના શરૂ કરી છે.

⇒ જે અંતર્ગત નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

(1) મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના
(2) કિસાન પરિવહન યોજના
(3) દેશી ગાયના નિભાવ માટે સહાય
(4) જીવામૃત સહાય
(5) ફળ–શાકભાજી વિક્રેતાને છત્રી
(6) સ્માર્ટ હેન્ડ ટુલ કીટ સહાય
(7) કાંટાળી વાડ બનાવવા સહાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT